# ઈસુનો વ્હાલો મિત્ર લાઝરસ

## ફાધર વર્ગીસ પોલ

લાઝરસ નામનો અર્થ થાય છે ઈશ્વરને મદદ કરી છે. શુભસંદેશમાં લાઝરસ નામે બે વ્યક્તિઓની વાત આવે છે. પ્રથમ લાઝરસની વાત ફક્ત લૂકના શુભસંદેશમાં આવે છે. શ્રીમંત અને ગરીબ માણસના દષ્ટાંતમાં લૂકે ફક્ત ગરીબ માણસનું નામ આપ્યું છે અને તે ગરીબ માણસ એટલે લાઝરસ (લૂક ૧૬, ૧૯-૩૧).

બીજા લાઝરસની વાત ફક્ત યોહાનકૃત શુભસંદેશમાં આવે છે. તે લાઝરસ એટલે માર્થા અને મરિયમ નામની બે બહેનોનો ભાઈ. આપણે અહીં આ બીજો લાઝરસ છે જે ઈસુનો મિત્ર છે, તેમની વાત કરીએ.

લાઝરસની સમગ્ર વાત યોહાનકૃત શભસંદેશના અધ્યાયો ૧૧ અને ૧૨માં આવે છે. લાઝરસ માર્થા અને મરિયમ નામે બે બહેનોના ભાઈ છે. યોહાન ખાસ જણાવે છે કે, ઈસુ આ બે બહેનો અને તેમના ભાઈ લાઝરસના મિત્ર હતા. ઈસુને માર્થા અને તેની બહેન તેમજ લાઝરસ ઉપર પ્રેમ હતો(યોહાન ૧૧, ૫).

માર્થા, મરિયમ, લાઝરસ અને ઈસુ વચ્ચેનો ઊંડો અને નિક્ટનો સંબંધ અને મિત્રતાનો ખ્યાલ ઈસુ પર મોકલેલા બે બહેનોના સંદેશમાંથી મળે છે. જ્યારે લાઝરસ માંદો પડયો ત્યારે બન્ને બહેનોએ ઈસુને કહેવડાવ્યું કે, પ્રભુ તમારો વ્હાલો મિત્ર માંદો પડયો છેશ્રયોહાન ૧૧, ૩ ).

જ્યારે ઈસુને સંદેશ મળ્યો ત્યારે ઈસુ પોતાના માંદા મિત્રને મળવા માટે તરત જ ઉપડયા નહોતા. પણ ઈસુએ પોતાના શિષ્યોને દઢ રીતે કહ્યું, આ માંદગી મોત નિપજાવવા નથી આવી, પણ ઈશ્વરનો મહિમા કરવા આવી છે;એને લીધે ઈશ્વરના પુત્રનો મહિમા થાય એ માટે આવી છે(યોહાન ૧૧, ૪).

બે દિવસ પછી ઈસુએ પોતાના શિષ્યોને પોતાની સાથી યહૂદિમાં બેથાનિયા ખાતે આવવા કહ્યું. પણ શિષ્યોએ એનો વિરોધ કરતા કહ્યું, ગુરુજી, હજી હમણાં તો યહૂદીઓ આપને પથ્થરે પથ્થરે મારી નાખવા તૈયાર થયા હતા. છતાં પાછા આપ ત્યાં જાઓ છો ?(યોહાન ૧૧, ૮).

પોતાના શિષ્યોનો વિરોધ હોવા છતા તેમણે પોતાની સાથે આવવા માટે અનુરોધ કરતા ઈસુએ કહ્યું, આપણો મિત્ર લાઝરસ ઊંધી ગયો છે, પણ હું તેને જગાડવા જાઉં છું.(યોહાન ૧૧, ૧૧).

ઈસુની વાતથી શિષ્યોના વલણમાં કોઈ ફરક ના પડયો. પણ બેથાનિયા જવાની વાતનો તેઓ વિરોધ કરતા રહ્યા. એટલે ઈસુએ ફોડ પાડીને શિષ્યોને કહ્યું, લાઝરસનું મરણ થયું છે, સારું થયું કે હું ત્યાં નહોતો. એ તમારા હિતમાં છે, એથી તમારી શ્રદ્ધા દઢ થશે. પણ હવે ચોલો, આપણે એની પાસે પહોંચી જઈએ(યોહાન ૧૧, ૧૪-

૧૫).

ઈસુ અને શિષ્યો બેથાનિયા પહોંચ્યા ત્યારે લાઝરસને દફનાવ્યાના ચાર દિવસ થયા હતા. પરંતુ ઈસુ અને બે બહેનો માર્થા અને મરિયમ વચ્ચેના સંવાદમાંથી આપણને માલૂમ પડે છે કે પોતે શું કરવાના છે એનો ઈસુને સ્પષ્ટ ખ્યાલ હતો. એટલે ઈસુએ તેમને કહ્યું કે તેઓ લાઝરસને દફનાવેલા જગ્યા પર લઈ જાય. લાઝરસની કબર પર ઈસુ રડી પડયા. અહીં લાઝરસ માટેનો એમનો પ્રેમ અને મિત્રતા જાહેર રીતે પ્રગટ થાય છે. ઈસુને રડતાં જોઈને યહૂદી લોકોએ કહ્યું પણ ખરું કે, જુઓ, એમને તેના ઉપર કેટલો બધો પ્રેમ હતો !(યોહાન ૧૧, ૩૬).

લાઝરસની કબર પરનાં દશ્યોનું શભસંદેશકાર યોહાને ખૂબ સુંદર રીતે વર્ણન કર્યું છે. ઈસુ ફરી ઊંડો નિસાસો નાખીને કબર આગળ ગયા: એ એક ગુફા હતી અને તેના ઉપર શિલા ઢાંકેલી હતી. ઈસુએ ;શિલા હટાવી લો.

મરેલા માણસની બહેન માર્થાએ કહ્યું, ;ગુરુદેવ, હવે તો લાશ ગંધાઈ ઊઠી હશે, કારણ, આજે તો ચોથો દિવસ થયો.

ઈસુએ તેને કહ્યું. ;મેં તને કહ્યું નહોતું કે શ્રદ્ધા રાખીશ તો ઈશ્વરનો મહિમા જોવા પામીશ ? એટલે તે લોકોએ શિલા હટાવી લીધી.

પછી ઈસુએ ઊંચું જોઈને કહ્યું, ;હે પિતા. હું તારો આભાર માનું છું કે તેં મારી પ્રાર્થના સાંભળી છે. મને તો ખબર જ હતી કે તું હંમેશાં મારી પ્રાર્થના સાંભળે છે; પણ આ તો હું આસપાસ ઊભેલા લોકોને અર્થે કહું છું કે જેથી એમને વિશ્વાસ બેસે કે તેં મને મોકલ્યો છે.

એટલું બોલીને તેમણે મોટે અવાજે બૂમ પાડી, ;લાઝરસ, બહાર આવ. મરેલો માણસ બહાર આવ્યો. તેને હાથેપગે પાટા બાંધેલા હતા અને તેના મોઢા ઉપર રૂમાલ વીટાંળેલો હતો. ઈસુએ લોકોને કહ્યું, ;એને છોડી નાખો અને જવા દો (યોહાન ૧૧, ૩૮-૪૪).

ચાર દિવસથી મરેલા અને દફનાવેલા માણસને ઈસુએ પુનઃજીવન આપ્યાના ચમત્કાર જોઈને લોકોએ બે પ્રકારનો પ્રતિભાવ આવ્યો. બેથાનિયા યરુશાલેમની નજીક હોવાથી ઘણા યહૂદીઓએ ઈસુ પર શ્રદ્ધા મૂકી તો બીજા કેટલાક યહૂદીઓએ પાછા યરુશાલેમ જઈને મુખ્ય પુરોહિતો અને ફરોશીઓને ઈસુએ કરેલા ચમત્કારની વાત કરી.

એટલે ઈસુના વિરોધીઓ ફક્ત ઈસુને જ નહિ પણ ઈસુએ મૃત્યુમાંથી પુનઃજીવિત કરેલા લાઝરસને પણ મારી નાખવાનું કાવતરું કર્યું ઈસુને એ કાવતરાનો ખ્યાલ હતો. એટલે કેટલાક સમય સુધી ઈસુ યહૂદીયામાં ખુલ્લા

ફરતા નહોતા.

પરંતુ ઈસુ કોઈ માણસની ધાકધમકીથી ડરી જનાર વ્યકિત નહોતા. એટલે શુભસંદેશકાર યોહાન કહે છે, પાસ્ખાના તહેવારના છ દિવસ પહેલાં ઈસુ બેથાનિયા આવી પહોંચ્યા. તેમણે જેને સજીવન કર્યો હતો તે લાઝરસ અહીં રહેતો હતો. ત્યાં એ લોકોએ એમને માટે ભોજનસમારંભ ગોઠવ્યો. માર્થા પીરસતી હતી એને લાઝરસ ઈસુની સાથે પંગતમાં બેઠો હતો(યોહાન ૧૨, ૧-૨).

લોકોને જાણ થઈ કે ઈસુ એમના મિત્રોને ઘેર મુલાકાતે આવ્યા છે. એટલે લોકોએ ફક્ત ઈસુને જ જોવા માટે નહિ પણ લાઝરસને પણ જોવા માટે મોટી સંખ્યામાં ભેગા થયા. ઘણી મોટી સંખ્યામાં લોકોને ઈસુ અને લાઝરસને મળવા જતા જોઈને મુખ્ય પુરોહિતો અને ફરોશીઓ ખૂબ ડરી ગયા. એટલે યોહાન નોંધે છે. આથી મુખ્ય પુરોહિતોએ લાઝરસનો પણ જીવ લેવાનું નક્કી કર્યું, કારણ, ઘણા યહૂદીઓ એને કારણે તેમને છોડી જતા હતા અને ઈસુમાં શ્રદ્ધા ધરાવતા થતા હતા(યોહાન ૧૨, ૧૦-૧૧).

પાછળથી જ્યારે ઈસુએ યરુશાલેમમાં વિજય પ્રવેશ કર્યો ત્યારે ઈસુને આવકારવા માટે લોકોની મોટી મેગની ભેગી મળી હતી. કારણ, મરેલાંની કબરમાંથી લાઝરસને પુનઃજીવિત કર્યાના ઈસુના ચમત્કાર વિશે લોકોએ સાંભળ્યું હતું.

લાઝરસ વિશે વધુમાં આપણે કશું જાણતા નથી. પરંતુ પૂર્વની પૌરાણિક પરંપરા મુજબ લાઝરસ અને તેમની બેવ બહેનો સાયપ્રસ જઈને રહ્યા હતાં અને લાઝરસ ત્યાં કિત્તિયુ ખાતેના ધર્માધ્યક્ષ બન્યા હતાં. આથી ખ્રિસ્તીઓના ધાર્મિક ઈતિહાસવાળા પ્રેષિતોના ચરિતો ગ્રંથમાં લાઝરસનો કોઈ વિશેષ ઉલ્લેખ નથી. પણ ઈસુએ માર્થાને કરેલી વાતમાં લાઝરસને પુનઃ જીવિત કર્યાની વાત સ્પષ્ટ થાય છે. ઈસુએ માર્થાને કહ્યું, હું જ પુનરુત્થાન છું અને હું જ જીનવ છું(યોહાન ૧૧, ૨૫).